# 28

**જુનાગઢ જિલ્લાની ઓઝત અને ભાદર નદીને ઉંડી અને પહોળી કરવાબાબત.**

*** 15/3/444 : શ્રી અરવિંદભાઇ લાડાણી (માણાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાંથી પસાર થતી ઓઝત અને ભાદર નદીને ઉંડી અને પહોળી કરવાની કામગીરી કયા તબક્કે છે,<br>(૨) ઉકત કામગીરી કેટલા ખર્ચે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને | (૧) અને (૨)<br>જુનાગઢ જીલ્લાના કેશોદ, માણાવદર અને માંગરોળ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર માંથી ઓઝત નદી પસાર થાય છે. નદીને ઊંડી અને પહોળી કરતા પહેલા નદીના વહેણની ખરાઈ માટે બંન્ને કાંઠાના ખેતરોના હદ નિશાન નકકી કરવા જરૂરી હોય કલેકટરશ્રી, જુનાગઢ દ્વારા હદ નિશાન માટે ડી.આઈ.એલ.આર.શ્રી. જુનાગઢને હુકમ કરેલ છે. ડી.આઈ.એલ.આર. જુનાગઢ દ્વારા કેશોદ તાલુકાના બામણાસા અને બાલાગામ ગામમાં હદ નિશાનની માપણી કરી દફતરી કામગીરી પુર્ણ કરેલ છે. હાલ હદ નિશાનની કામગીરી પ્રગતિ હેઠળ છે. ઉકત હદ નિશાનની માપણી પુર્ણ થયે જરૂરી અંદાજપત્રક તૈયાર કરી જરૂરી મંજુરી મેળવી, પુરતી બજેટ જોગવાઈ થયેથી ઓઝત નદી ઊંડી અને પહોળી કરાવવાનું આયોજન છે.<br>માણાવદર તાલુકા ના ૫ ગામો પાસેથી ભાદર નદી પસાર થાય છે જેમા ચીખલોદ્રા ગામ છેલ્લુ આવે છે ત્યા નદીની સરેરાશ પહોળાઈ ૧૨૦ મી છે સદર ગામોમા નદીના બન્ને કાંઠે ખેતરો આવેલ હોય નદી પહોળી કરી શકાય તેમ જણાતુ નથી તેમજ નદીમા પાણી ખાલી થયે નદીના તળીયે કાપ/રેતી/પથ્થર ની માત્રા જાણી નદી ઉંડી ઉતારવા બાબતનું આયોજન છે. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ઉપરોક્ત વિગતે કોઇ ખર્ચ થયેલ નથી. |

---